| Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
|---|---|
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ–૩૬૦ ૦૦૫ | |
| નં.એકે/ ૧૯૬૯ /૨૦૧૫ | તા.૨૯/૧૨/૨૦૧૫ |

પરિપત્ર:–

આથી યુનિવર્સિટી સંલગ્ન **વિનયન અને વાણિજ્ય** વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ સવિનય જણાવવાનું કે ઉકત કોલેજના રેગ્યુલર વિદ્યાર્થીઓને સરકારી, અર્ધસરકારી, કાયદાથી સ્થપાયેલ વૈધાનિક નિગમ–સંસ્થાઓમાં નોકરી મળે અને એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં જોડાવા અંગે સિન્ડિકેટે તેની તા.૧૦–૧૨–૨૦૧૫ની સભાના કામકાજ ૯ (૧૯૦)થી મંજૂર કરેલ ઠરાવ યોગ્ય તે કાર્યવાહી અને અમલાર્થે આથી નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૯(૧૯૦) એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૩–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક '૨૩૬' અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા યુ.જી. બી.એ./બી.કોમ.ના રેગ્યુલર વિદ્યાર્થીઓને એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબતે નિમાયેલ સમિતિની એક સભા તા.૩–૭–૨૦૧૫ના રોજ મળેલ. જેની નીચે પ્રમાણેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

**(સમિતિની ભલામણ**

૨૦૧૪–૧૫ના કે ત્યારપછીના શૈક્ષણિક વર્ષમાં એનરોલ થયેલ વિદ્યાર્થીઓને સરકારી, અર્ધસરકારી, કાયદાથી સ્થપાયેલ વૈધાનિક નિગમ–સંસ્થાઓમાં નોકરી મળે તેવા સંજોગોમાં વિદ્યાર્થીને સેમેસ્ટર II અથવા તેથી ઉપરના સેમેસ્ટરમાં એકસટર્નલ ઉમેદવાર તરીકે વિનયન અથવા વાણિજય વિદ્યાશાખાની નોંધણી કરાવવાની જોગવાઈ દાખલ કરવી અને તત સંબંધિત એકસટર્નલ પરીક્ષાના ઓર્ડિનન્સ/રેગ્યુલેશન સુધારવા.

આથી વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, આ પ્રકારના વિદ્યાર્થીઓએ છેલ્લે જે સંલગ્ન કોલેજમાં અભ્યાસ કરેલ હોય તે કોલેજનું ટ્રાન્સફર સર્ટિફિકેટ (TC) રજુ કર્યા બાદ જ એકસટર્નલ પરીક્ષાની નોંધણીને પાત્ર બનશે તેવી જોગવાઈ પણ એકસટર્નલ પરીક્ષાના સંબંધિત ઓર્ડિનન્સ/રેગ્યુલેશનમાં કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની ઉપરોકત ભલામણ મંજૂર કરવી અને તદઅનુરૂપ External પરીક્ષાના શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી તે અમલમાં આવે તે રીતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ CBCSનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ થી કરેલ હોવાથી ૨૦૧૦–૧૧ થી ૨૦૧૫–૧૬ સુધીના વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સ્નાતક /અનુસ્નાતક અભ્યાસક્રમ પુર્ણ કરવા માટે CBCSની પધ્ધતિ મુજબના આ યુનિવર્સિટીના ભુતપુર્વ અથવા જુના વિદ્યાર્થીઓને પણ આ જોગવાઈનો લાભ આપવો.

**આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ મંજૂર કરી તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી કરવો.**

(ડો.ધીરેન ડી.પંડયા)
I/C.કુલસચિવ

રવાના કર્યુ

વિભાગીય અધિકારી
(એકેડેમિક વિભાગ)

પ્રતિ,
(૧) **વિનયન અને વાણિજય** વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) પરીક્ષા નિયામકશ્રી, (યોગ્ય અમલ અર્થે – ૮ નકલ)

નકલ સાદર રવાના :–
૧. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. ડીનશ્રી,વિનયન અને વાણિજય વિદ્યાશાખા
૩. ડાયરેકટરશ્રી,કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
(વેબસાઈડ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે C.D. સાથે)